Letter No: SJED/0415/01/2024 Dt: 20-01-2024

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની ખાલી જગ્યાઓ નિયમિત ભરતીથી ન ભરાય ત્યાં સુધી વધુ ૦૧ વર્ષ માટે આઉટસોર્સીંગથી ભરવા બાબત.

વર્ગ-૩ ની કુલ ૦૮ (આઠ) જગ્યાઓ

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક:SJED/GSC/e-file/17/2022/0005/J Section

સચિવાલય, ગાંધીનગર.

વંચાણમાં લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૪/૦૪/૨૦૨૨ નો ઠરાવ ક્રમાંક: SJED/GSC/e-file/17/2022/0005/J Section

(૨)મેનેજિંગ ડિરેક્ટરશ્રી, અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરનો તા.૦૨/૦૨/૨૦૨૩ નો પત્ર ક્રમાંક: અવિકો/મકમ/૨૦૨૩/૧૦૨૫૮

આમુખ:

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧) પરના તા.૦૪/૦૪/૨૦૨૨ ના ઠરાવથી ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની વર્ગ-૦૩ની કુલ ૦૮ જગ્યાઓને૦૧ વર્ષ માટે આઉટસોર્સીંગથી ભરવા મંજૂરી આપવામાં આવેલ હતી.

મેનેજિંગ ડિરેક્ટરશ્રી, અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરનો વંચાણે લીધેલ ક્રમ (૨) પરના તા.૦૨/૦૨/૨૦૨૩ ના પત્રથી કુલ ૦૮ જગ્યાઓને વધુ ૦૧ વર્ષ માટે નિયમીત ભરતીથી ન ભરાય ત્યાં સુધી આઉટસોર્સીંગથી ભરવા મંજૂરી આપવા માટે દરખાસ્ત કરેલ છે.

ઠરાવ:-

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની ઉક્ત દરખાસ્ત પર કાળજીપૂર્વકની વિચારણાને અંતે નીચે મુજબની ૦૮ જગ્યાઓને નિયમીત ભરતીથી ન ભરાય ત્યાં સુધી આઉટસોર્સીંગથી તા.૦૪/૦૪/૨૦૨૩થી વધુ ૦૧ વર્ષ માટે નીચે દર્શાવેલ સૂચિત પગાર વધારા સાથે અને શરતોને આધીન ભરવાની આથી મંજૂરી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | હાલનો પગાર(રૂ.માં) | મંજૂર થયેલ નવો પગાર(રૂ.માં) |
|---|---|---|---|
| ૧ | જુની.કલાર્ક(૩ જગ્યા) | ૧૨૫૦૦ | ૧૮૦૦૦ |
| ૨ | સીની.કલાર્ક(૩જગ્યા) | ૧૪૦૦૦ | ૨૧૦૦૦ |
| ૩ | મદદનીશ મેનેજર(૧ જગ્યા) | ૧૬૦૦૦ | ૨૪૦૦૦ |
| ૪ | નાયબ મેનેજર (૧જગ્યા) | ૧૭૫૦૦ | ૨૫૦૦૦ |

શરતો:-

(૧) ઉક્ત જગ્યાઓની મુદ્દત પૂર્ણ થયેથી મંજૂરીની અપેક્ષાએ ચાલુ રાખી શકાશે નહિ તેમજ નાણા વિભાગની મંજૂરી વગર પગાર વધારો કરી શકાશે નહિ.

(૨) આઉટસોર્સીંગથી ભરવાની થતી જગ્યાઓ અંગે સરકારશ્રી દ્વારા લાગુ કરવામાં આવેલ તમામ જોગવાઇઓ તથા નિયમો ધ્યાને લેવાના રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૨/૦૧/૨૦૨૪ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

Signature Not Verified
Signed by: H.T Gohel
Section Officer
Date: 2024.01.23
11:41:21 +05:30

File No: SJED/GSC/e-file/17/2022/0005/J Section
Approved By: Deputy Secretary,J Section,SJED

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

Letter No: SJED/0415/01/2024 Dt: 20-01-2024

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હેતલ ગોહેલ)

સેક્શન અધિકારી,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
2. માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર.
3. અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા) ના અંગત મદદનીશ, સચિવાલય,ગાંધીનગર.
4. અગ્ર સચિવશ્રી(આર્થિક બાબતો) નાણા વિભાગના અંગત મદદનીશ, સચિવાલય,ગાંધીનગર.
5. નાણા સલાહકારશ્રી(સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
6. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
7. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
8. નિવાસી ઑડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
9. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ.
10. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
11. સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
12. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ)

13.સિલેક્ટ ફાઈલ- ૨૦૨૪

Signature Not Verified
Signed by: H T Gohel
Section Officer
Date: 2024.01.23
11:41:21 +05:30